# ADMISSION COMMITTEE FOR PROFESSIONAL MEDICAL EDUCATIONAL COURSES
## GUJARAT STATE

C/o. Dean, B. J. Medical College, New Civil Hospital Campus, Asarwa, Ahmedabad – 380 016
Phone No.079-22680307 Fax: 079-22680307
Website: www.medadmbjmc.in


**પરિપત્ર**

ક્રમાકઃપ્રવેશ/૨૦૧૨–૧૩/નિયમો /NRI-Management/ ૪૯-૬૧૦/૨૦૧૨
તા.૧૬ / ૫/૨૦૧૨

પ્રતિ,
ડીનશ્રી/પ્રિન્સીપાલશ્રી,
તમામ મ્યુનિસિપલ, સ્વનિર્ભર,
મેડીકલ, ડેન્ટલ, આર્યુવેદ, હોમિયોપેથી, ફિઝીયોથેરપી,
બી.એસ.સી નર્સિંગ, ઓપ્ટોમેટ્રી, ઓક્યુપેશનલ થેરાપી, નેચરોપેથી
અને બી.એ.એસ.એલ.પી. વિદ્યાશાખાઓની સ્વનિર્ભર સંસ્થાઓ,
ગુજરાત રાજય.

વિષય :–શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટે **NRI** અને **Management** કવોટામાં પ્રવેશ અંગે.
સંદર્ભ :– સરકારશ્રીના આ.પ.ક.વિ., ગાંધીનગરના તા. ૧૯/૪/૧૨ ના પત્ર ક્રમાંકઃએમસીજી/ ૧૦૧૨ /૧૧૭૦/જ.

આ સાથે શૈક્ષણિક વર્ષ ૨૦૧૨–૧૩ માટેના પ્રવેશ નિયમોની નકલ બિડાણે સામેલ છે. આપની સંસ્થાની એન.આર.આઈ. અને મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ નિયમો ૨૦૧૨–૧૩ માં દર્શાવ્યા મુજબ કરવાની રહેશે. આ ઉપરાંત નીચે દર્શાવ્યા મુજબની શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) <u>એન.આર.આઈ. કવોટાની બેઠકો</u> :–

(૧) એન.આર.આઈ. કવોટાના પ્રવેશ અંગેની જાહેરાત તા.૧૫/૦૬/૨૦૧૨ થી તા. ૩૦/૦૬/૨૦૧૨ સુધીમાં જ આપવાની રહેશે.

(૨) એન.આર.આઈ. કવોટા પ્રવેશ માટે આવેલ અરજીપત્રકોનું મેરીટ લીસ્ટ ફક્ત ફિઝીકસ, કેમેસ્ટ્રી અને બાયોલોજી વિષયના થીયરીના કુલ માર્કસની ગણતરી કરીને બનાવવાનું રહેશે.

(૩) એન.આર.આઈ. કવોટા પ્રવેશનું મેરીટ લીસ્ટ ૧૫મી જુલાઈ ૨૦૧૨ સુધીમાં તૈયાર કરીને સંસ્થાએ જાહેર કરવાનું રહેશે.

(૪) એન.આર.આઈ. કવોટા પ્રવેશનું કાઉન્સેલિંગ તા. ૦૧/૮/૨૦૧૨ થી તા. ૧૫/૦૮/૨૦૧૨ સુધીમાં જ પૂર્ણ કરવાનું રહેશે.

(૫) એન.આર.આઈ. કવોટામાં પ્રવેશ મેળવ્યા બાદ જો કોઈ વિદ્યાર્થી પ્રવેશ સમય મર્યાદા પૂર્ણ થયા પહેલાં સ્વેચ્છાએ પ્રવેશ છોડી દે તો તે વિદ્યાર્થી પાસેથી પ્રોસેસ ફી તરીકે રૂા. ૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા ) વસુલ કરી બાકીની તમામ ભરેલ ફીની રકમ જે તે વિદ્યાર્થીને સુપ્રત કરવાની રહેશે.

(૨) <u>મેનેજમેન્ટ કવોટાની બેઠકો</u> :–

(૧) મેનેજમેન્ટ કવોટાની પ્રવેશ કાર્યવાહી માટે અત્રેની પ્રવેશ સમિતિની પૂર્વ મંજુરી લેવાની રહેશે.

(૨) મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટેની પ્રવેશ કાર્યવાહી પ્રવેશ સમિતિના પ્રથમ કાઉન્સેલીગ પૂર્ણ થયા બાદ જ કરવાની રહેશે.

આ ઉપરાંત એન.આર.આઈ. અને મેનેજમેન્ટ કવોટાની બેઠકો માટે અત્રેની સમિતિ ધ્વારા વખતોવખત જે નિર્દેશો આપવામાં આવે તેનું અચુક પાલન કરવાનું રહેશે.

ચેરમેન
એડમીશન કમિટી ફોર પ્રોફેશનલ મેડીકલ એજયુકેશનલ કોર્ષિસ,
બી. જે. મેડીકલ કોલેજ, અમદાવાદ

નકલ સવિનય રવાના :–(૧) માન. મંત્રીશ્રીનું કાર્યાલય, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુ.રા., ગાંધીનગર.
(૨) અગ્ર સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુ.રા., ગાંધીનગર
(૩) અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુ.રા., ગાંધીનગર